પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૩૪ | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૩, ગુરૂવાર; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# તુર્કીમાં બે કરોડથી વધુનું સ્થળાંતર

### તુર્કીમાં ભૂકંપનો મૃત્યુઆંક ૪૦,૦૦૦ને પાર : મુશ્કેલીના સમયમાં જીવીત રહેલાં અનેક લોકો બેઘર બન્યા



નવી દિલ્હી,તા.૧૫

તુર્કી અને સીરિયામાં ગઈ ૬ ફેબ્રુઆરીની વહેલી સવારે શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો. ભૂકંપ બાદ બંને દેશમાં ભારે તબાહી સર્જાઈ છે. અનેક ઈમારતો અને રહેણાંક એપાર્ટમેન્ટ ધરાશાયી છે. જે બાદ કાટમાળમાંથી લાશો નીકળવાનો સિલસિલો યથાવત છે.આ ભૂકંપે તુર્કીના અનેક શહેરોને તબાહ કરી નાખ્યા છે. આ મુશ્કેલીના સમયમાં જિવીત રહેલાં અનેક લોકો બેઘર બન્યા છે. બંને દેશમાંથી મૃતકોની સંખ્યા ૪૦ હજારને પાર પહોંચી ચૂકી છે. તો સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કહેવામાં આવ્યું કે, સીરિયામાં રેસ્ક્યુ ઓપરેશન બંધ થવા જઈ રહ્યું છે. પ્રાપ્ત મીડિયા રિપોર્ટ મુજબ, તુર્કીમાં ગયા મંગળવારના રોજ કાટમાળમાંથી ૯ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. હવે રેસ્ક્યુ એવા લોકો પર કેન્દ્રિત કરવામાં આવ્યું છે કે જેઓની પાસે કડકડતી ઠંડી અને ભોજન તથા રહેવાની કોઈ વ્યવસ્થા નથી. તુર્કીના રાષ્ટ્રપતિ તૈયપ એર્દોગને કહ્યું કે, ભૂકંપ બાદ હવે સ્થિતિ કાબુમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-ચીન સરહદ પર

# આઈટીબીપી માટે સાત નવી બટાલિયનને મંજૂરી

### દેશની સુરક્ષાને લઈને કેન્દ્રીય કેબિનેટમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા : વાઇબ્રન્ટ વિલેજ પ્રોગ્રામને પણ મંજૂરી, આગામી પાંચ વર્ષમાં બે લાખ બહુહેતુક ડેરી, મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓ સ્થાપવાનો લક્ષ્યાંક

નવી દિલ્હી, તા.૧૫

મોદી કેબિનેટે આજે દેશની સુરક્ષાને લઈને ઘણા મોટા અને મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, કેબિનેટે ભારત-ચીન સરહદ પર તૈનાત આઈટીબીપી માટે ૯,૪૦૦ જવાનોની ઓપરેશનલ બટાલિયન સાથે સાત નવી બટાલિયનને મંજૂરી આપી છે.



આ સિવાય કેબિનેટની બેઠકમાં ટનલના નિર્માણને પણ મંજૂરી આપવામાં આવી હતી. આ ટનલના નિર્માણથી લદ્દાખ સાથે તમામ હવામાનમાં રોડ કનેક્ટિવિટીની સુવિધા મળશે. ટનલની લંબાઈ ૪.૮ કિલોમીટર હશે, જેના પર ૧૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ ટનલના નિર્માણથી દુર્ગમ વિસ્તારોમાં સુધીની કનેક્ટીવીટી વધશે.

કેન્દ્રીય કેબિનેટે કેન્દ્ર સરકાર પ્રાયોજિત યોજના વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામને પણ મંજૂરી આપી દીધી છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૫-૨૬ માટે આ કાર્યક્રમ માટે ૪૮૦૦ કરોડ રૂપિયાની નાણાકીય ફાળવણી કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# બીબીસી પર બીજા દિવસે આવકવેરાની કાર્યવાહી

### ડોક્યુમેન્ટરી વિવાદ બાદ બીબીસીની મુશ્કેલીમાં વધારો : ૨૦૧૨થી લઈને અત્યાર સુધીના દસ્તાવેજો ચકાસવામાં આવી રહ્યા છે, બીબીસીએ તેના તમામ બ્રોડકાસ્ટ જર્નાલિસ્ટને ઓફિસે આવવા કહ્યું

નવી દિલ્હી, તા.૧૫

બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન(બીબીસી) ના દિલ્હી-મુંબઈ ઓફિસ પર આવકવેરા વિભાગ(આઈટી વિભાગ) ની કાર્યવાહી આજે પણ યથાવત્ છે. ૨૦૧૨થી લઈને અત્યાર સુધીના દસ્તાવેજો ચકાસવામાં આવી રહ્યા છે. બીબીસીએ તેના તમામ બ્રોડકાસ્ટ જર્નાલિસ્ટને ઓફિસે આવવા કહ્યું છે. મંગળવારે જે કર્મચારીઓના કમ્પ્યૂટર, મોબાઈલ ચકાસવાના બાકી હતા તેમને પણ હાજર રહેવા કહેવાયું છે.

જોકે આવકવેરા વિભાગ તરફથી આજે બીબીસીના બ્રોડકાસ્ટ ઓપરેશનમાં કોઈ દખલ નહીં કરવામાં આવે. આવકવેરા વિભાગ બીબીસીના કર્મચારીઓને સહયોગ કરવા કહ્યું છે. આ દરમિયાન બીબીસીએ પણ તેના કર્મચારીઓને મેઈલ દ્વારા કાર્યવાહીમાં સહયોગ કરવા અને તેમની અંગત આવકની વિગતો અંગે માહિતી આપતા બચવા જણાવ્યું છે. સાથે જ કેટલાક કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કરવાની પણ સલાહ આપવામાં આવી છે.

ઈન્ટરનેશનલ ટેકસમાં ગરબડની ફરિયાદો અંગે આવકવેરા વિભાગ દ્વારા આ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ તપાસમાં લાંબો સમય લાગી શકે છે. આ કાર્યવાહી અંગે અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યું કે અમને પણ આ દરોડા વિશે માહિતી મળી છે. અમે દુનિયાભરમાં સ્વતંત્ર પ્રેસના મહત્ત્વનું સમર્થન કરીએ છીએ.

# યમુનોત્રી મંદિરના રોપવેના પ્રસ્તાવને એમઓઈએફની મંજૂરી

### યમુનોત્રી મંદિર પહોંચવામાં પાંચ કલાક લાગે છે : ૩.૭ કિમી લાંબા એરિયલ ડિસ્ટન્સ રોપવેનું બાંધકામ ટૂંકમાં શરુ થશે

ઉત્તરકાશી, તા.૧૫

એક દાયકો મોડુ થયા બાદ આખરે યમુનોત્રી મંદિરના રોપવેના પ્રસ્તાવને પર્યાવરણ અને વન મંત્રાલય (એમઓઈએફ) તરફથી મંજૂરી મળી ગઈ છે. મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે રુપિયા ૩.૮ હેક્ટર જમીન હવે ટ્રાન્સફર કરવામાં આવશે અને ૩.૭ કિમી લાંબા એરિયલ ડિસ્ટન્સ રોપવેનું બાંધકામ કે જે યમુનોત્રી મંદિરને ખસાલી ગાવથી જોડે છે ત્યાં જલ્દી જ શરુ થશે. આ રોપવે યાત્રાથી મંદિર સુધી પહોંચવામાં લાગતો પાંચ કલાકનો સમય ઘટીને હવે ૧૦ મિનિટમાં પહોંચી શકાશે.

એક સામાજિક કાર્યકરે જણાવ્યું કે, રોપવે બનાવવાનો પ્રયાસ ૨૦૦૬માં શરુ થયો હતો. ખરેખરમાં ખરસાલી ગામના સ્થાનિકોએ પણ પરિયોજના માટે પ્રવાસન વિભાગને લગભગ ૧.૫ હેક્ટર જમીન આપી દીધી હતી. જો કે, આ પ્રોજેક્ટ ૧૬ વર્ષથી વધુ સમયથી સરકારી ફાઈલોમાં જ અટવાયેલો રહ્યો હતો. જેના કારણે તીર્થયાત્રીઓ અને પૂજારીઓને મંદિર સુધી પહોંચવા માટે જાનકીચટ્ટીથી શરુ થતો પાંચ કિમીની મુશ્કેલ યાત્રા કરવી પડે છે.



ધરતીનો છેડો એટલે ઘર... જ્યાં દિવસભરની દોડધામ બાદ આરામનો અનુભવ થાય... જો કે હવે આરામની સાથે લક્ઝરીયસ ફીલીંગ આવે તે માટે થોડાક દિવસ રીસોર્ટ કે થ્રિ સ્ટાર - ફાઈવ સ્ટાર હોટલમાં રજાઓ ગાળવાનો ક્રેઝ યુવાવર્ગમાં વધતો જાય છે. ક્યારેક વિચાર્યુ છે કે પક્ષીઓ માટે આવી કોઈ હોટલ કે રીસોર્ટ જેવી સુવિધા હોઈ શકે...હમણાં સોશીયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી આ તસ્વીરને યુઝર્સે 'પક્ષીઓ માટેની ફાઈવસ્ટાર હોટલ'નું નામ આપ્યુ છે. કોઈ સિદ્ધહસ્ત ડીઝાઈનરે તૈયાર કરેલા આ સ્ટ્રક્ચરમાં એક સાથે ઘણા બધા પક્ષીઓ વિરામ લઈ શકે છે. ચાહે તો તેમાં માળા બનાવી શકે છે. તસ્વીર ક્યાંની છે તે તો ખબર નથી પરંતુ પક્ષીઓની આ હોટલનો આઈડિયા અને તસ્વીર ખુબ આર્ષક છે અને યુઝર્સ દ્વારા પસંદગી પામી રહી છે.

# ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાં ટીમ ઈન્ડિયા રેન્કીંગમાં નંબર વન

### ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણી વચ્ચે ભારતીય ક્રિકેટ ટીમનો ઈતિહાસ : ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે કે કોઈ એક ટીમ ત્રણેય ફોર્મેટમાં એક જ સમયે ટોચના સ્થાને પહોંચી છે

નવી દિલ્હી, તા.૧૫

ભારત અને ઓસ્ટ્રેલિયા સામે ચાલી રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી વચ્ચે ભારતીય ક્રિકેટ ટીમે એક ઈતિહાસ રચ્યો છે. આજે આઈસીસી દ્વારા જાહેર કરવામાં આવેલી લેટેસ્ટ રેક્કિંગમાં ટીમ ઈન્ડિયા ટેસ્ટ ફોર્મેટમાં પહેલા નંબર પર પહોંચી ગઈ છે. આજે ભારતીય ક્રિકેટ માટે ઐતિહાસિક દિવસ છે કારણકે આજે ભારતીય ટીમ ક્રિકેટના ત્રણેય ફોર્મેટના રેક્કિંગમાં નંબર ૧ના સ્થાન પર છે.

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે કે કોઈ એક ટીમ ત્રણેય ફોર્મેટમાં એક જ સમયે ટોચના સ્થાને પહોંચી છે. ભારતીય ટીમે આ ઈતિહાસ રચ્યો છે. ટીમ ઈન્ડિયાએ કેપ્ટન રોહિત શર્મા અને હાર્દિક પંડ્યાના નેતૃત્વમાં આ ઈતિહાસ રચ્યો છે.

આઈસીસી દર બુધવારે લેટેસ્ટ રેક્કિંગ જાહેર કરે છે. નાગપુર ટેસ્ટ સમાપ્ત થયા પછી આ પહેલી વાર બન્યુ જ્યારે રેક્કિંગ અપડેટ કરવામાં આવ્યું છે, જેના કારણે ટીમ ઈન્ડિયાને અહીં બમ્પર ફાયદો છે.

# એઆઈની મદદથી દેશના અંદાજિત ૧૫૦ મિલિયન ખેડૂતોને લાભ થશે

નવી દિલ્હી, તા.૧૫

ઈન્ટરનેટ સર્ચના ભવિષ્યને લઈને ટેક જાયન્ટ્સ ગૂગલ અને માઈક્રોસોફ્ટ વચ્ચેની ટક્કર ચાલી રહી છે, જેમાં હાલ ચેટજીપીટી ખૂબ ચર્ચામાં છે. આ પ્રકારની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી દેશના અંદાજિત ૧૫૦ મિલિયન ખેડૂતોને લાભ થશે તેમજ ડિજિટલ મિશનને આગળ લાવવા અને ખેડૂતની આવક બમણી કરવાના લક્ષ્યને હાંસલ કરવામાં પણ મદદ મળી શકશે.

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના ડિજિટલ પેમેન્ટ ઉત્સવમાં અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, યુપીઆઈ અને ઓપનએઆઈ બે ટેક્નોલોજીનું એકીકરણ લોકોને તેમની સ્થાનિક ભાષામાં વધુ

● અનુસંધાન પાન-૭ પર

# એનઆઈએના તામિલનાડુ, કેરળ અને કર્ણાટકમાં ૬૦ સ્થળે દરોડા

### કોઈમ્બતુર સિલેન્ડર બ્લાસ્ટ કેસમાં કાર્યવાહી : આઈએસઆઈએસ સાથે જોડાયેલા શંકાસ્પદોની ધરપકડ કરવાના સંદર્ભમાં દરોડા પાડ્યા

નવી દિલ્હી, તા.૧૫

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આજે સવારે કોઈમ્બતુર સિલિન્ડર બ્લાસ્ટ કેસમાં દક્ષિણ ભારતના ત્રણ રાજ્યો - તમિલનાડુ, કેરળ અને કર્ણાટકમાં ૬૦ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડ્યા હતા. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એજન્સીએ આ દરોડા આતંકવાદી સંગઠન આઈ. એસ. આઈ. એસ. સાથે જોડાયેલા શંકાસ્પદોની ધરપકડ કરવાના સંદર્ભમાં કર્યા છે.એનઆઈએદિવાળીની પૂર્વ સંધ્યાએ કોઈમ્બતુરમાં મંદિરની બહાર થયેલા કાર બોમ્બ વિસ્ફોટની સતત તપાસ કરી રહી છે. કાર બોમ્બ વિસ્ફોટમાં કથિત માનવ બોમ્બ જમીશામુબીનનું મોત થયું હતું. કારમાં રહેલું એલપીજી સિલિન્ડર ફાટ્યું હતું. ઘટનાસ્થળેથી નખ, આરસ અને શ્રાપનલ મળી આવ્યા હતા. તેમના વિશે એવો દાવો કરવામાં આવ્યો હતો કે સિલિન્ડરમાં ભર્યા બાદ બ્લાસ્ટનું મોટું ષડયંત્ર રચવામાં આવ્યું હતું પરંતુ તે નિષ્ફળ ગયું હતું. આ બ્લાસ્ટ ૨૩ ઓક્ટોબરની વહેલી સવારે થયો હતો.

## કેનેડામાં રામ મંદિર પર ભારત વિરોધી સૂત્રોચ્ચાર

નવી દિલ્હી, તા.૧૫

કેનેડામાં એક હિન્દુ મંદિર પર ફરી એકવાર ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા છે. આ વખતે અહીં મિસિસોગામાં રામ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. ભારતીય દૂતાવાસે તેની સખત નિંદા કરી છે. ટોરોન્ટોમાં ભારતીય દૂતાવાસે પણ આ મામલામાં દોષિતો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. ભારતીય દૂતાવાસે બુધવારે ટ્વિટ કર્યું, અમે મિસીસૌગાના રામ મંદિરમાં ભારત વિરોધી ગ્રેફિટીની સખત નિંદા કરીએ છીએ. અમે કેનેડિયન સત્તાવાળાઓને આ ઘટનાની તપાસ કરવા અને ગુનેગારો સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરીએ છીએ.

# સ્ટેટ બેંકની હોમ-વ્હીકલ લોન મોંઘી થઈ, ઈએમઆઈમાં વધારો થશે

### એસબીઆઈએ એમસીએલઆરના માર્જિનલ કોસ્ટમાં ૧૦ બીપીએસ સુધીનો વધારો કર્યો : એસબીઆઈદ્વારા એમસીએલઆર રેટ ૭.૮૫ ટકાથી ૧૦ બીપીએસ વધારીને ૭.૯૫ ટકા કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૧૫

જો તમે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ના ગ્રાહક છો અને ઘર, કાર અથવા અન્ય મહત્વપૂર્ણ વસ્તુઓ ખરીદવા માટે લોન લેવાનું વિચારી રહ્યા છો, તો તમારા માટે ખરાબ સમાચાર છે. એસબીઆઈએ ફંડ આધારિત ધિરાણ દર (એમસીએલઆર) ના માર્જિનલ કોસ્ટમાં ૧૦ બેસિસ પોઈન્ટ્સ (બીપીએસ) સુધીનો વધારો કર્યો છે. આની અસર એ થશે કે ઓટો અને હોમ જેવી લોન લેવી મોંઘી થઈ જશે. નવા દરો ૧૫ ફેબ્રુઆરીથી લાગુ થઈ ગયા છે. એટલે કે, આજથી લોન લેનારાઓ માટે ઈએમઆઈઅથવા માસિક હપ્તા મોંઘા થઈ જશે. એસબીઆઈ દ્વારા એમસીએલઆર રેટ ૭.૮૫ ટકાથી ૧૦બીપીએસવધારીને ૭.૯૫ ટકા કરવામાં આવ્યો છે. એક મહિનાથી ત્રણ મહિનાના સમયગાળા માટે, દર ૮.૦૦ ટકાથી ૧૦ બીપીએસ વધારીને ૮.૧૦ ટકા કરવામાં આવ્યો છે. તે જ સમયે, છ મહિનાનો એમસીએલઆર૮.૩૦ ટકાથી વધીને ૮.૪૦ ટકા થયો છે.એક વર્ષની પાકતી મુદત માટેનો નવો દર ૮.૪૦ ટકાથી વધારીને ૮.૫૦ ટકા કરવામાં આવ્યો છે, જ્યારે ત્રણ વર્ષના સમયગાળા માટે તે ૮.૬૦ ટકાથી વધારીને ૮.૭૦ ટકા કરવામાં આવ્યો છે. એસબીઆઈપહેલા બેંક પંજાબ નેશનલ બેંક (પીએનબી) અને બેંક ઓફ બરોડા (બીઓબી)એ પણ તેમના ધિરાણ દરમાં વધારો કર્યો છે. પીએનબીએ રેપો લિંક્ડ લેન્ડિંગ રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કર્યો છે, તેના ધિરાણ દર ૮.૭૫ ટકાથી વધારીને ૯ ટકા કર્યો છે.બીજી તરફ, બેંક ઓફ બરોડાએ એમસીએલઆરની માર્જિનલ કોસ્ટમાં ૫ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. તેના કારણે એમસીએલઆર અગાઉ ૭.૮૫ ટકાથી વધીને ૭.૯૦ ટકા થઈ ગયો છે. તે જ સમયે, ત્રણ મહિનાના કાર્યકાળ માટે એમસીએલઆર ૮.૨૫ ટકાથી વધીને ૮.૩૦ ટકા થઈ ગયો છે.

## લંડન-ન્યૂયોર્ક અને મુંબઈને પાણીમાં ડૂબી જવાનો ખતરો

નવી દિલ્હી, તા.૧૫

જિનેવામાં આવેલ વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠન દ્વારા જાહેર કરવામા આવેલા એક નવા રિપોર્ટ અનુસાર, ભારત, ચીન, બાંગ્લાદેશ અને નેધરલેન્ડ વૈશ્વિક સ્તર પર સમુદ્રી જળસ્તરમાં વધારાના ઉચ્ચતમ ખતરાનો સામનો કરી રહ્યા છે. WMOના રિપોર્ટ ગ્લોબલ સી-લેવલ રાઈઝ એન્ડ ઈંપ્લીકેશન્સમાં કહેવાયું છે કે, વિવિધ મહાદ્વિપોના કેટલાય મોટા શહેર સમુદ્રી જળસ્તરમાં વધારાના કારણે ડૂબવાના ખતરાનો સામનો કરે છે.

